દિવ્ય ભાસ્કર 2 મુંબઇ | મંગળવાર 28 મે, 2013

ના પ્રતિનિધિઓને આ સંબંધે મોરેએ જણાવ્યું હતું. એલઈડી સ્ક્રીન ગોઠવવાના ખર્ચનું

# અવિઘ્ના પાર્કને ફાળે સાત ઈન્ટરનેશનલ પ્રોપર્ટી એવોર્ડઝ

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ



આ વર્ષના મેની ગઈ 10મી તારીખે અવિઘ્ના ઈન્ડિયાનું સાત ગૌરવપ્રદ એવોર્ડઝથી બહુમાન કરવામાં આવ્યું હતું. મલેશિયાના ક્વાલા લમ્પુરમાં આવેલી ભવ્ય શાંગ્રી-લા હોટેલ ખાતે આ એવોર્ડઝ એનાયત થયા હતા.

વર્જીન એટલાંટિક દ્વારા આ આંતરરાષ્ટ્રીય પ્રોપર્ટી એવોર્ડઝ પુરસ્કૃત છે. બાંધકામના વિશાળ ક્ષેત્રના વિકાસ, આર્કિટેક્ચર અને ઈન્ટીરીયર ડિઝાઈન ક્ષેત્રના માંધાતાઓ કાર્યક્રમ સમયે હાજર હતા. એવોર્ડઝ એનાયત કરવાની પસંદગી સમિતિમાં રિચાર્ડ કોટન (આરઆઈસીએસ-યુએઈના ભૂતપૂર્વ ચેરમેન), સુઈ ટિમ્ની (બ્રિટિશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનના પ્રમુખ) અને થિજસ સ્ટોફર (રિયલ એસ્ટેટ એસોસિયેશનના આંતરરાષ્ટ્રીય મહામંડળના સીઈઓ)નો સમાવેશ થતો હતો. અવિઘ્ના ઈન્ડિયાએ એક અવિઘ્ના પાર્કનું સુંદર બાંધકામ લોઅરપરેલ ખાતે કર્યું છે. જેને સમગ્ર એશિયા પેસિફિક ક્ષેત્રમાં 'બેસ્ટ રેસીડેન્શીયલ હાઈ-રાઈઝ ડેવલપમેન્ટ' અને 'બેસ્ટ હાઈ-રાઈઝ આર્કિટેક્ચર' એવોર્ડઝ હાંસલ થયા છે. 23 દેશોના આ ક્ષેત્રના અગ્રગણ્યોએ આ હરીફાઈમાં ભાગ લીધો હતો. આવિઘ્ના ઈન્ડિયાએ આ એવોર્ડઝ ઉપરાંત 'બેસ્ટ ઈન્ટીરીયર ડિઝાઈન એપાર્ટમેન્ટ,' 'બેસ્ટ રિનોવેશન/રિડેવલપમેન્ટ,' 'બેસ્ટ લેન્ડસ્કેપ આર્કિટેક્ચર' એવોર્ડઝ પણ અંકે કરી લીધા છે. અવિઘ્ના ઈન્ડિયા લિ.એ રિયલ એસ્ટેટ સેક્ટરમાં સીમાચિહ્નરૂપ વિકાસની હારમાળા ખડી કરી દીધી છે. વિશ્વમાં સૌથી બેનમૂન નિવાસી ટાવર્સરૂપ એક અવિઘ્ના પાર્ક મુંબઈમાં તૈયાર થયો છે. અવિઘ્ના પાર્ક મુંબઈના હૃદયસમા લોઅરપરેલ ખાતે તૈયાર કરવામાં આવ્યો છે.